# મોબાઇલ સ્નેચીંગ કરનાર બાઇકર્સને ઝડપી પાડતી ક્રાઇમબ્રાંચ.

મોબાઇલ સ્નેચીંગ તેમજ ચેઇન સ્નેચીંગના ગુન્હાઓ અનુસંધાને સઘન પેટ્રોલીંગમાં રહી આ પ્રકારની પ્રવૃત્તિ કરનારા બાઇકર્સોની વોચમાં રહેવા સારૂ એક સફળ વ્યુહ રચના તૈયાર કરી, ક્રાઇમ બ્રાંચના PSI તથા પોલીસ સ્ટાફના માણસોની ટીમ બનાવીને ઇફેકટીવ વિસ્તાર અડાજણ, રાંદેર, ખટોદરા, ઉમરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં રાખેલા. દરમ્યાન ફરતા ફરતા અડાજણ ગુજરાત ગેસ સર્કલ પાસે આરોપીઓ (૧) ધરમ S/O મુકેશભાઇ રાણા, ઉ.વ.૨૫ રહે. બિલ્ડીંગ નં.૩૦, ઘર નં.૨૦૧, લક્ષ્મીનગર સોસાયટી, ઉધના, ભાઠેના સુરત શહેર (૨) યોગેશ ઉર્ફે રાજુ S/O રતીલાલ રાણા, ઉ.વ.૪૪, રહે. ફલેટ નં.૩૦૪, શિવ સાંઇ એપાર્ટમેન્ટ, ગલકા શેરી, નવાપરા ગોલવાડ, સલાબતપુરા, સુરત શહેર નાઓને અડાજણ પાલ પાટીયા મેઇન રોડ ઉપર આરોપી ધરમની ગ્રે કલરની એકસેસ ગાડી નં. GJ.21.S.5856 ઉપર બેસી આવતા મળી આવેલ જેઓ પૈકી ધરમ પાસેથી એક વીવો કંપનીનો મોબાઇલ ફોન કિં. `.૫૦૦૦/- તથા રોકડા રૂપીયા ૧૨૦૦/- અને એકસેસ મોપેડ ગાડી નં. GJ.21.S.5856 કિં. `.૨૫૦૦૦/- તેમજ આરોપી યોગેશ ઉર્ફે રાજુની પાસેથી એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિં. `.૧૫૦૦/- તેમજ રોકડા રૂપીયા ૧૫૦૦/- મળી કુલ્લે કિંમત રૂપીયા ૩૪,૨૦૦/- ની મત્તાની સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવી પકડાઇ જતા તેઓના વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી આજ રોજ તા.૩૧/૦૭/૨૦૧૭ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યે ધોરણસર અટક કરવામાં આવેલ.